ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ -૧૨ (૯) (ક) માં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૨૦૨૨/૯૩/છ
સચિવાલય, ગાંધીનગર.
તા: 07 JUN 2022

વંચાણે લીધા:

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા: ૧૦/૦૧/૨૦૨૨ નો પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૨/૧૯૦-૧૯૧

આમુખ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૦/૦૧/૨૦૨૨ ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિય-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૧૨ (૯) (ક) માં સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૧૨ (૯) (ક) માં આ સાથેના પત્રકના કોલમ-3માં દર્શાવેલ હાલની જોગવાઈને બદલે કોલમ-૪ માં દર્શાવ્યા મુજબની સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.
આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૯/૦૫/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

* માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

પત્રક

શિક્ષણ વિભાગના તા.　　　　　ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૨૦૨૨/૯૩/છ સાથેનું પત્રક

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) |
| ૧ | ૧૨ (૯) (ક) | અન્ય કોઈ રાજ્યમાં સંઘ રાજ્ય ક્ષેત્રમાં આવેલી શાળામાંથી આવતા વિદ્યાર્થીને જો વિદ્યાર્થીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર ઉપર તે રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના શિક્ષણ અધિકારીએ સામી સહી કરી હોય તો જ રજિસ્ટર થયેલી શાળામાં તેને દાખલ કરી શકાશે.<br>પરંતુ શાળાના છોડ્યાના પ્રમાણપત્ર ઉપર તેવી રીતે સામી સહી કરી કરેલી ન હોય, ત્યારે શાળાના વડા આવી સામી સહી કરવામાં ન આવે ત્યા સુધી વિદ્યાર્થીને કામચલાઉ ધોરણે દાખલ કરી શકશે એ કેસની પૂરી વિગતોનો અધિકારીને રિપોર્ટ કરી શકાશે. | અન્ય કોઈ રાજ્યમાં સંઘ રાજ્ય ક્ષેત્રમાં આવેલી શાળામાંથી આવતા વિદ્યાર્થીને જો વિદ્યાર્થીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર ઉપર તે રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના શિક્ષણ અધિકારીએ સામી સહી કરી હોય તો જ રજિસ્ટર થયેલી શાળામાં તેને દાખલ કરી શકાશે<br>પરંતુ શાળાના છોડ્યાના પ્રમાણપત્ર ઉપર તેવી રીતે સામી સહી કરી કરેલી ન હોય, ત્યારે શાળાના વડા આવી સામી સહી કરવામાં ન આવે ત્યા સુધી વિદ્યાર્થીને કામચલાઉ ધોરણે દાખલ કરી શકશે. એ કેસની પૂરી વિગતોનો અધિકારીને રિપોર્ટ કરી શકશે શકાશે.<br>" ધોરણ-11 માં પ્રવેશ સંદર્ભે ભારતના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડના "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવવા બાબતના વખતો વખતના પરિપત્રો અન્વયે 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' માટે યોગ્ય જાહેર કરવામાં આવેલ હોય તેવા બોર્ડનો વિદ્યાર્થી હોવો જોઇએ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-10 પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11 માં પ્રવેશ આપી શકાશે." |

| | | | |
|---|---|---|---|
| | | | ઓપન સ્કૂલ તરીકે સમગ્ર દેશમાં NIOS નું કાર્યક્ષેત્ર હોય, NIOS સિવાયના અન્ય રાજ્યના open બોર્ડના વિદ્યાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિદ્યાર્થી અન્ય રાજ્યના open બોર્ડની ધોરણ-10 ની પરીક્ષા ઉત્તીર્ણ કરે તો પણ તેને ધોરણ-11 માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહિં, કારણ કે અન્ય રાજ્યના open બોર્ડનું કાર્યક્ષેત્ર સંબંધિત રાજ્ય માટે જ હોય છે. જેથી Open બોર્ડમાં માત્ર NIOS ને જ માન્ય ગણવાનું રહેશે. |

(સહી)

(ડી.એમ.પઠાણ)

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

ડી.સેલ

નોં. ક્ર.............
શાખા....૨૬૩૬૦....
14 JUN 2022
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૯)માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦/૦૬/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૧૭/૦૭/૨૦૨૧નો પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2021/3635-37.

આમુખ:-

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૭/૦૭/૨૦૨૧ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૯)માં સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૯)માં આ સાથેના પત્રકના કોલમ-૩ની હાલની જોગવાઈને બદલે કોલમ-૪ મુજબ સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૧/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

પત્રક

શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ સાથેનું પત્રક

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | | કોઈ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય,<br>(ખ) એસ.એસ.સી(ધો.૧૨) પ્રમાણપત્ર ધરાવતી હોય તે સિવાય કારકુનની સ્ટાફના સભ્ય તરીકે નીમી શકાશે નહીં<br>(ગ) DOEACC સોસાયટીની CCC લેવલની અથવા રાજ્ય સરકાર નક્કી કરેલ તેવા લેવલની કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.<br>(ઘ) બિન સરકારી માધ્યમિક શાળામાં કામ કરતા અને એસ.એસ.સી (ધો.૧૦)ની લાયકાત ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો મળી રહે તે માટે જુનિયર કારકુનની ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો મળી રહે તે માટે જુનિયર કારકુનની જગા સીધી ભરતીથી નહીં ભરતા જે શાળામાં વર્ગ-૪ (પટાવાળા)ના કોઈ કર્મચારી બિન સરકારી માધ્યમિક શાળામાં કારકુન થવાની ઉપર દર્શાવેલ (ગ)ની લાયકાત ધરાવતા હોય અને પટાવાળા તરીકે ઓછામાં ઓછી ચાર વર્ષની સળંગ નોકરી હોય તેવા પટાવાળાઓને જુનિયર કારકુન તરીકે બઢતી આપીને જગ્યા ભરવી." | (૧) સીધી ભરતીથી જુનિયર કલાર્ક ભરવા અંગેની જોગવાઈ,<br>- કોઈ વ્યક્તિને -<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરીહોય.<br>(ખ) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઈ યુનિવર્સિટીની કોઈ વિદ્યાશાખામાં સ્નાતકની પદવી અથવા તેને સમકક્ષ લાયકાત ધરાવતી હોય તે સિવાય જુનિયર કારકુન તરીકે નીમી શકાશે નહી,<br>(ગ) ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર:-સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર, અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું સરકાર માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવરસીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે.<br>(ઘ) સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવે તે ગુજબની પરીક્ષા નીચેની વિગતે આપવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| | | | અ) લેખિત પરીક્ષા (Written Test).<br>બ) કોમ્પ્યુટર નિપુણતા પ્રાયોગિક પરીક્ષા (Computer Proficiency Test).<br>(૨) બઢતીથી જુનીયર કલાર્કની જગ્યા શાળાના વર્ગ-૪ (પટાવાળા)માંથી ભરવાઅંગેની જોગવાઇ.<br>(ક) બિન-સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કામ કરતા અને જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો ગળી રહે તે માટે જુનિયર કલાર્કની જગ્યા સીધા ભરતીથી નહી ભરતા જે તે શાળામાં વર્ગ-૪ (પટાવાળા) નીચે મુજબની લાયકાત ધરાવતા હોય તો તેમને જુનિયર કલાર્કમાં બઢતી આપવાની રહેશે.<br>(ખ) સરકાર માન્ય માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની (એસ.એસ.સી.)ધોરણ-૧૦ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(ગ) પટાવાળા (વર્ગ-૪)માં ઓછામાં ઓછા 4 વર્ષની સળંગ નોકરી કરેલ હોવી જોઇએ.<br>(ઘ) ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર:સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું સરકાર માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફીકેટકોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. તેમજ સરકારશ્રીના |

(initials)

| | | | |
|---|---|---|---|
| | | | ધારાધોરણો મુજબ ખાતાકીય પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે.<br>(ચ) શાળામાં આ પ્રકારની લાયકાત ધરાવતા કર્મચારીઓ (પટાવાળા) ઉપલબ્ધ ન હોય તો જુનિયર કારકુનની જગ્યા સીધી ભરતીથી ભરવાની રહેશે. |

(ડી.એમ.પઠાણ)

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૧૦/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.

(૨) શિક્ષણ વિભાગની ઉચ્ચ કક્ષાની તજજ્ઞ સમિતિની તા.૧૫/૦૨/૨૦૨૨ની કાર્યવાહી નોંધ.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૨૮/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક: મઉમશબ/ સંશોધન/ ૨૦૨૨/૨/૧૬૯-૭૧.

(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૦૩/૦૮/૨૦૨૨નો પત્ર ક્રમાંક: મઉમશબ/ સંશોધન/ ૨૦૨૨/૯૪૯૫-૯૭.

આમુખ:-

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત, વિષયો તેમજ માધ્યમ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની લાયકતો અને અન્ય બાબતો માટે સરકારશ્રી દ્વારા રચાયેલ તજજ્ઞ સમિતિની તા.૧૫/૦૨/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવમાં સુધારો કરવા વિચારણા કરવામાં આવેલ હતી. આ બેઠકમાં થયેલ ચર્ચા વિચારણા અનુસાર, વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવમાં સુધારો કરવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક-(૩) સામેના તા.૨૮/૦૩/૨૦૨૨ અને વંચાણે લીધા ક્રમાંક-(૪) સામેના તા.૦૩/૦૮/૨૦૨૨ના પત્રથી વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી નિયત કરેલ કૃષિ-ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેના પરિશિષ્ટ-૫, કૃષિ-ઉત્તર બુનિયાદી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેના પરિશિષ્ટ-૬માં આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ-૫ અને પરિશિષ્ટ-૬ મુજબ સુધારો કરવાનું અને વિશિષ્ટ માધમિક અને ઉચ્ચતર માધ્યમિક

Scanned with OKEN Scanner

શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટે આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ-૭(અ) અને પરિશિષ્ટ-૭(બ) ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રી કક્ષાએ તા.૧૪/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

Scanned with OKEN Scanner

## વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | | | | | |
| 3 | ગૃહજીવન વિદ્યા | બી.એ.(સમાજવિદ્યા વિશારદ ગૃહવિજ્ઞાન) અથવા બી.એસ.સી (ગૃહવિજ્ઞાન) અથવા બી.આર.એસ. (ગૃહવિજ્ઞાન) | ગૃહજીવન વિદ્યા | એમ.એ. (સમાજવિદ્યા પારંગત ગૃહવિજ્ઞાન) અથવા એમ.એસ.સી.(ગૃહવિજ્ઞાન) અથવા એમ.આર.એસ.(ગૃહવિજ્ઞાન) | ગૃહજીવન વિદ્યા | કોઈ પણ વિષય | કોલમ-(૭)માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ/શિક્ષા પારંગત | ગૃહ જીવન વિદ્યા | ૨૦(૩)(૧) |

• માધ્યમિક શાળામાં/ માધ્યમિક વિભાગમાં શિક્ષક/ શિક્ષણ સહાયક તરીકે નિમણુંક માટે વિનિયમ-૨૦(૩)(૧), ૨૦(૪), ૨૦(૫)(૧), ૨૦(૬)(૧), ૨૦(૭) અને ૨૦(૮)(૧)માં નિયત કરેલ લઘુત્તમ લાયકાત જરૂરી છે. ઉપરાંત અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક અને/અથવા અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત માધ્યમિક વિભાગ માટે ફરજીયાત નથી પરંતુ જો કોઈ અરજદારે નિયત કરેલ જે તે વિષય માટેની લઘુત્તમ લાયકાત ઉપરાંત ઉપરના પરિશિષ્ટમાં દર્શાવેલ અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક અને /અથવા અનુસ્નાતક વ્યવસાતિક લાયકાત ધરાવતા હોય અને જો શિક્ષક/ શિક્ષણ સહાયક ભરતી માટે ગુણાંકન નિયમોનુસાર મળવાપાત્ર હશે તો જ તે વધારાની અનુસ્નાતક લાયકાતના ગુણાંકન મળવાપાત્ર થશે.

• કૃષિ-ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક(TAT-SECONDARY) માત્ર ગુજરાતી માધ્યમમાં જ યોજવામાં આવશે.

Scanned with OKEN Scanner

## પરિશિષ્ટ-5

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો )* | | સ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યાવસાયિક લાયકાત અને વિષયો(બી.એડ/ શિક્ષા વિશારદ/ ડીબીએડ/ G.B.T.C/ શિક્ષા શાસ્ત્રી) | | અનુસ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત(એમ.એડ/ શિક્ષા પારંગત) (જો ધરાવતા હોય તો)* | TAT કસોટીનો વિષય | વિનિયમ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક લાયકાત | વિષય | શૈક્ષણિક લાયકાત | વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ-૧નો વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ-નો વિષય | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | કૃષિવિદ્યા | બી.આર.એસ. અથવા બી.એસ.સી.(એગ્રી) અથવા બી.એસ.સી (કૃષિગોપાલન) | કૃષિવિદ્યાની તમામ શાખાઓ | એમ.આર.એસ અથવા એમ.એસ.સી.(એગ્રી) અથવા એમ.એસ.સી (કૃષિગોપાલન) | કોલમ(4)માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | કોઈ પણ વિષય | કોલમ-(૭)માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ/શિક્ષા પારંગત | કૃષિ વિદ્યા | ૨૦(૩)(૧) |
| 2 | પશુપાલન અને ડેરીવિજ્ઞાન | બી.આર.એસ. અથવા બી.એસ.સી.(એગ્રી) | પશુપાલન અને ડેરીવિજ્ઞાનની તમામ શાખાઓ | એમ.આર.એસ. અથવા એમ.એસ.સી.(એગ્રી) | કોલમ(4)માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં | કોઈ પણ વિષય | કોલમ-(૭)માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ/શિક્ષા પારંગત | પશુપાલન અને ડેરી વિજ્ઞાન | ૨૦(૩)(૧) |

Scanned with OKEN Scanner

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ

## પરિશિષ્ટ-6

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો ) | | સ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યાવસાયિક લાયકાત અને વિષયો(બી.એડ/ શિક્ષા વિશારદ/ ડીબીએડ/ G.B.T.C/ શિક્ષા શાસ્ત્રી) | | અનુસ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત[એમ.એડ/ શિક્ષા પારંગત] (જો ધરાવતા હોય તો)* | TAT કસોટીનો વિષય | વિનિયમ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક લાયકાત | વિષય | શૈક્ષણિક લાયકાત | વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ-૧નો વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ-૨નો વિષય | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | કૃષિવિદ્યા | બી.આર.એસ. અથવા બી.એસ.સી.(એગ્રી) અથવા બી.એસ.સી. (કૃષિગોપાલન) | કૃષિવિદ્યાની તમામ શાખાઓ | એમ.આર.એસ અથવા એમ.એસ.સી.(એગ્રી) અથવા એમ.એસ.સી. (કૃષિગોપાલન) | કોલમ(4)માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | કોઈ પણ વિષય | કોલમ-(૭)માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ/શિક્ષા પારંગત | કૃષિ વિદ્યા | ૨૦(૩)(૨) |
| 2 | પશુપાલન અને ડેરીવિજ્ઞાન | બી.આર.એસ. અથવા બી.એસ.સી.(એગ્રી) | પશુપાલન અને ડેરીવિજ્ઞાનની તમામ શાખાઓ | એમ.આર.એસ અથવા એમ.એસ.સી.(એગ્રી) | કોલમ(4)માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં | કોઈ પણ વિષય | કોલમ-(૭)માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ/શિક્ષા પારંગત | પશુપાલન અને ડેરી વિજ્ઞાન | ૨૦(૩)(૨) |

Scanned with OKEN Scanner

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | | | | |
| 3 | ગૃહજીવન વિદ્યા | બી.એ.(સમાજવિદ્યા વિશારદ ગૃહવિજ્ઞાન) અથવા બી.એસ.સી (ગૃહવિજ્ઞાન) અથવા બી.આર.એસ. (ગૃહવિજ્ઞાન) | ગૃહજીવન વિદ્યા | એમ.એ. સમાજવિદ્યા પારંગત (ગૃહવિજ્ઞાન) અથવા એમ.એસ.સી. (ગૃહવિજ્ઞાન) અથવા એમ.આર.એસ. (ગૃહવિજ્ઞાન) | ગૃહજીવન વિદ્યા | કોઈ પણ વિષય | કોલમ-(૭)માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ/શિક્ષા પારંગત | ગૃહ જીવન વિદ્યા | ૨૦(૩)(૨) |
| 4 | સામાજિક વિજ્ઞાન | સમાજવિદ્યા વિશારદ અથવા બી.આર.એસ. | વિસ્તરણ અને સમાજ નવરચના | સમાજવિદ્યા પારંગત અથવા એમ.આર.એસ. | વિસ્તરણ અને સમાજ નવરચના | કોઈ પણ વિષય | કોલમ-(૭)માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ/શિક્ષા પારંગત | સામાજિક વિજ્ઞાન | ૨૦(૩)(૨) |

•ઉચ્ચતર માધ્યમિક શાળામાં/ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક/ શિક્ષણ સહાયક તરીકે નિમણુંક માટે વિનિયમ-૨૦(૩)(૨), ૨૦(૫)(૨), ૨૦(૬)(૨) અને ૨૦(૮)(૨)માં નિયત કરેલ લઘુત્તમ લાયકાત જરૂરી છે. પરંતુ અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે ફરજીયાત નથી પરંતુ જો કોઈ અરજદારે નિયત કરેલ જે તે વિષય માટેની લઘુત્તમ લાયકાત ઉપરાંત ઉપરના પરિશિષ્ટમાં દર્શાવેલ અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક અને /અથવા અનુસ્નાતક વ્યવસાતિક લાયકાત ધરાવતા હોય અને જો ઉચ્ચતર માધ્યમિક વિભાગની શિક્ષક/ શિક્ષણ સહાયક ભરતી માટે ગુણાંકન નિયમોનુસાર મળવાપાત્ર હશે તો જ તે વધારાની અનુસ્નાતક લાયકાતના ગુણાંકન મળવાપાત્ર થશે.

•કૃષિ-ઉત્તર બુનિયાદી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક(TAT-HIGHER SECONDARY) માત્ર ગુજરાતી માધ્યમમાં જ યોજવામાં આવશે.



Scanned with OKEN Scanner

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ.

## પરિશિષ્ટ-૭-અ

### વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની ભરતીના વિષયોની વિગત (માધ્યમિક શિક્ષકો ધોરણ-૯ અને ૧૦)

| ક્રમ | વિષય | સ્નાતકકક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતકકક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો)* | | સ્નાતક કક્ષાએ વ્યવસાયિક લાયકાત | અનુસ્નાતકકક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત [એમ.એડ / સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત (જોધરાવતા હોય તો)]* | TAT કસોટીનો વિષય | વિનિયમ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક લાયકાત | વિષય | શૈક્ષણિકલાયકાત | વિષય | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ગુજરાતી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | ગુજરાતી | એમ.એ./ સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | ગુજરાતી | બી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો એક વર્ષનો વિશિષ્ટ શિક્ષણનો ડિપ્લોમાં(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો બે વર્ષનો ડીપ્લોમાં(વિશિષ્ટ શિક્ષણ)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.એડ.(સામાન્ય) સાથે RCI | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | ગુજરાતી | ૨૦(૩)(૧) |
| ૨ | હિન્દી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | હિન્દી | એમ.એ./સમાજવિદ્યા પારંગત/એમ.આર.એસ. | હિન્દી | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | હિન્દી | ૨૦(૬)(૧) |
| ૩ | મરાઠી | બી.એ. | મરાઠી | એમ.એ. | મરાઠી | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | મરાઠી | ૨૦(૬)(૧) |
| ૪ | અંગ્રેજી | બી.એ./સમાજવિદ્યા વિશારદ/બી.આર.એસ. | અંગ્રેજી | એમ.એ./સમાજવિદ્યા પારંગત/એમ.આર.એસ. | અંગ્રેજી | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | અંગ્રેજી | ૨૦(૩)(૧) |
| ૫ | ઉર્દૂ | બી.એ. | ઉર્દૂ | એમ.એ. | ઉર્દૂ | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | ઉર્દૂ | ૨૦(૬)(૧) |
| ૬ | સિંધી | બી.એ. | સિંધી | એમ.એ. | સિંધી | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | સિંધી | ૨૦(૬)(૧) |
| ૭ | તમિલ | બી.એ. | તમિલ | એમ.એ. | તમિલ | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | તમિલ | ૨૦(૬)(૧) |
| ૮ | તેલુગુ | બી.એ. | તેલુગુ | એમ.એ. | તેલુગુ | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | તેલુગુ | ૨૦(૬)(૧) |

Scanned with OKEN Scanner

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ઉડીયા | બી.એ. | ઉડીયા | એમ.એ. | ઉડીયા | (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | ઉડીયા | ૨૦(૬)(૧) |
| ૧૦ | સામાજિક વિજ્ઞાન | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. / બી.એસ.સી. | ઈતિહાસ અથવા ભુગોળ અથવા નાગરીકશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવારાજ્યશાસ્ત્ર અથવા સમાજશાસ્ત્ર | એમ.એ./સમાજવિદ્યા પારંગત/એમ.આર.એસ./એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઈ એક વિષયમાંથનુ સ્નાતક | Post Graduate Professional Diploma in Special Education (PGPD)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India)માન્યP.G.Diploma in Special | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | સામાજિક વિજ્ઞાન | ૨૦(૩)(૧) |
| ૧૧ | ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી | બીએસ.સી. | ગણિતશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્ર અથવા રસાયણશાસ્ત્ર અથવાભૌતિક શાસ્ત્ર અથવા જીવશાસ્ત્ર પૈકીકોઈ પણ વિષયનીવિદ્યા શાખામાં સ્નાતક | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી જે વિષયમાં સ્નાતકહોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | Education (Mental Retardation)(ફકત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India) માન્યP.G.Diploma in Education (Multiple Disability: Physical & Neurological)(ફકત માનસિક દિવ્યાંગબાળકોની શાળાઓ | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ગણિત અને વિજ્ઞાનટેકનોલોજી | ૨૦(૩)(૧) |
| ૧૨ | સંસ્કૃત | બીએ. અથવા શાસ્ત્રી (બી.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | એમ.એ. અથવા આચાર્ય (એમ.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | સંસ્કૃત | ૨૦(૬)(૧) |
| ૧૩ | ફારસી | બી.એ. | ફારસી | એમ.એ. | ફારસી | India)માન્ય P.G. Diploma in Special Education (locomotors Impairment | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ફારસી | ૨૦(૬)(૧) |
| ૧૪ | અરબી | બી.એ. | અરબી | એમ.એ. | અરબી | and Cerebral Palsy)(ફકત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | અરબી | ૨૦(૬)(૧) |

Scanned with OKEN Scanner

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | કમ્પ્યુટર અધ્યયન | BCA અથવા<br>B.Sc.(IT) અથવા<br>B.E./B.Tech(Computer / Computer Science) અથવા<br>B.E./B.Tech.(IT) અથવા<br>B.Sc. (Computer / Computer Science) | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | કોલમ-(૩) માં દર્શાવેલ સ્નાતક કક્ષાની પદવીમાં જ અનુસ્નાતકનીપદવી | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>RCI (Rehabilitation Council of India)માન્ય Secondary level Teacher Training Course in Visual Impairment(ફક્ત દ્રષ્ટિહીન | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | કમ્પ્યુટર | ૨૦(૫)(૧) |
| ૧૬ | ચિત્ર | ફાઈન આર્ટસમાં સ્નાતક (D.F.A.) અથવા ડિપ્લોમા ઓફ ફાઈન આર્ટસ (પાંચવર્ષનો ઈન્ટીગ્રેટેડ કોર્ષ)<br>અથવા કોઈપણ વિષયમાં ધોરણ-૧૨ + આર્ટ ટીચર ડિપ્લોમા (એ.ટી.ડી.) અથવા ધોરણ-૧૨ + ડ્રોઈંગ માસ્ટર (ડી.એમ.) | ચિત્ર | - | - | બાળકોની શાળાઓ માટે) (માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>RCI (Rehabilitation Council of India) માન્ય બી.એડ.(સામાન્ય) Senior Diploma in Teaching the Deaf(ફક્ત મૂક બધિર બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન | - | ચિત્ર | ૨૦(૪) |
| ૧૭ | સંગીત | સંગીત વિશારદ અથવા બેચરલ ઓફમ્યુઝિક (B.Music) અથવા બી.એ. ઓફ સંગીત | | - | - | નંબર સાથે)<br>અથવા<br>RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતા | - | સંગીત | ૨૦(૭) |
| ૧૮ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | (૧)<br>વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના સ્નાતક<br>અથવા<br>(૧)<br>શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી [ત્રણ (૦૩) વર્ષ કે તેથી વધુ સમયગાળાનોઅભ્યાસક્રમ] | શારીરિક શિક્ષણ | (૧)<br>વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના અનુસ્નાતક<br>અથવા<br>(૧)<br>શારીરિક શિક્ષણમાં સ્નાતકની તેમજ શારીરિક શિક્ષણમાંઅનુસ્નાતકની પદવી [પાંચ (૦૫) વર્ષ કે | શારીરિક શિક્ષણ | ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતાક્ષેત્રનું સ્પેશિયલ B.Ed. નો ઇન્ટીગ્રેટેડ કોર્સ(માન્ય રજીસ્ટ્રેશન | વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.P.ED)<br>અથવા<br>શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.ED.) | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | ૨૦(૮)(૧) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | તેથીવધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | | નંબર સાથે) | | | |
| | | | | | અથવા | | | | |
| ૧૮ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | (૧)<br>વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના સ્નાતક<br>અથવા<br>(૧)<br>શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી [ત્રણ (૦૩) વર્ષ કે તેથી વધુ સમયગાળાનોઅભ્યાસક્રમ] | કોલમ - ૩ માં દર્શાવેલ સ્નાતકની લાયકાતમાંની વિદ્યાશાખાનો કોઈ પણએક વિષય | (૧)<br>વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના અનુસ્નાતક<br>અથવા<br>(૧)<br>શારીરિક શિક્ષણમાં સ્નાતકની તેમજ શારીરિક શિક્ષણમાંઅનુસ્નાતકની પદવી [પાંચ (૦૫) વર્ષ કે તેથીવધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | કોલમ - ૫ માં દર્શાવેલ અનુસ્નાતક ની લાયકાતમાં ની વિદ્યાશાખાનો કોઈ પણએક વિષય | બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો એક વર્ષનો વિશિષ્ટ શિક્ષણનો ડિપ્લોમાં(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો બે વર્ષનો ડીપ્લોમાં(વિશિષ્ટ શિક્ષણ)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો Post Graduate Professional Diploma in Special Education (PGPD)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્યP.G.Diploma in Special Education (Mental Retardation)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા | વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.P.ED) | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | ૨૦(૮)(૧) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્યP.G.Diploma in Education (Multiple Disability: Physical & Neurological)(ફક્ત માનસિક દિવ્યાંગબાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય P.G. Diploma in Special Education (locomotors Impairment and Cerebral Palsy)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય Secondary level Teacher Training Course in Visual Impairment(ફક્ત દ્રષ્ટિહીન બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય બી.એડ.(સામાન્ય) Senior Diploma in Teaching the Deaf(ફક્ત મૂક બધિર બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) | | | |

Scanned with OKEN Scanner

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | માન્યસંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતાક્ષેત્રનું સ્પેશિયલ B.Ed. નો ઇન્ટીગ્રેટેડ કોર્સ(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | | |

• માધ્યમિક શાળામાં/માધ્યમિક વિભાગમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટે વિનિયમ-૨૦(૩)(૧), ૨૦(૪), ૨૦(૫)(૧), ૨૦(૬)(૧), ૨૦(૭) અને૨૦(૮)(૧)માં નિયત કરેલ લઘુત્તમ લાયકાત જરૂરી છે. ઉપરાંત અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક અને/અથવા અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત માધ્યમિક વિભાગ માટે ફરજીયાત નથી પરંતુ જો કોઇ અરજદારે નિયત કરેલ જે તે વિષય માટેની લઘુત્તમ લાયકાત ઉપરાંત ઉપરના પરિશિષ્ટમાં દર્શાવેલ અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક અને અથવા અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત ધરાવતા હોય અને જો શિક્ષક/શિક્ષણ સહાયક ભરતી માટે ગુણાંકન નિયમોનુસાર મળવા પાત્ર હશે તો જ તે વધારાની અનુસ્નાતક લાયકાતના ગુણાંકન મળવાપાત્ર થશે.

• માધ્યમિક શાળામાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઈ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે.

• ઉમેદવારે ગુજરાતી/હિન્દી/અંગ્રેજી માધ્યમ પૈકી કોઇ એક માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તેગુજરાતી/હિન્દી/અંગ્રેજી માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ એટલે કે જે માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે જ માધ્યમની શાળામાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે. પરંતુ

(૧) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના શિક્ષક સિવાયની અન્ય ભાષાઓના શિક્ષક માટે TAT SECONDARY ગુજરાતી/હિન્દી/અંગ્રેજી પૈકી કોઈ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે.

(૨) ગુજરાતી/હિન્દી/અંગ્રેજી માધ્યમ સિવાયના અન્ય માધ્યમની શાળાઓ માટે ભાષા સિવાયના વિષયો માટે TAT SECONDARY ગુજરાતી/હિન્દી/અંગ્રેજી પૈકી કોઇ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે.

• દ્રષ્ટિહીન દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે ઉક્ત જણાવેલ તમામ જરૂરી લાયકાતો ઉપરાંત બ્રેઇલલીપી ટેસ્ટ ફરજીયાત ક્વોલિફાય કરવાનો રહેશે. આ ટેસ્ટ ક્વોલિફાય કરનાર ઉમેદવાર જ દ્રષ્ટિહીન દિવ્યાંગ બાળકો માટેની શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે.

• મૂક બધીર દિવ્યાંગ બાળકોની શાળા માટે ઉક્ત જણાવેલ તમામ જરૂરી લાયકાતો ઉપરાંત ISL (ઇન્ડિયન સાઈન લેંગ્વેજ) ટેસ્ટ ફરજીયાત ક્વોલિફાય કરવાનો રહેશે. આ ટેસ્ટ ક્વોલિફાય કરનાર ઉમેદવાર જ મૂક બધીર દિવ્યાંગ બાળકો માટેની શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે.



Scanned with OKEN Scanner

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ.

## પરિશિષ્ટ-૭-બ

### વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની ભરતીના વિષયોની વિગત (ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો ધોરણ-૧૧ અને ૧૨)

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | સ્નાતક કક્ષાએ વ્યવસાયિક લાયકાત | અનુસ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત [એમ.એડ / સ્પે. એમ.એડ / શિક્ષા પારંગત (જો ધરાવતા હોય તો)]' | TAT કસોટીનો વિષય | વિનિયમ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક લાયકાત | વિષય | શૈક્ષણિક લાયકાત | વિષય | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ગણિત | બી.એસ.સી. | ગણિતની તમામ શાખાઓ. | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | બી.એડ.(સામાન્ય) સાથેRCI (Rehabilitation Council of India)માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો એક વર્ષનો વિશિષ્ટ શિક્ષણનો ડિપ્લોમાં(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ગણિત | ૨૦(૩)(૨) |
| ૨ | ભૌતિક વિજ્ઞાન | બી.એસ.સી. | ભૌતિકશાસ્ત્રની તમામ શાખાઓ | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ભૌતિક વિજ્ઞાન | ૨૦(૩)(૨) |
| ૩ | રસાયણ વિજ્ઞાન | બી.એસ.સી. | રસાયણશાસ્ત્ર ની તમામ શાખાઓ | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | રસાયણ વિજ્ઞાન | ૨૦(૩)(૨) |

Scanned with OKEN Scanner

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો બે વર્ષનો | | | |
| ૪ | જીવ વિજ્ઞાન | બી.એસ.સી. | જીવવિજ્ઞાનની તમામ શાખાઓ. | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | ડીપ્લોમાં(વિશિષ્ટ શિક્ષણ)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો Post Graduate Professional Diploma in Special Education (PGPD)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | જીવ વિજ્ઞાન | ૨૦(૩)(૨) |
| ૫ | ગુજરાતી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | ગુજરાતી | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | ગુજરાતી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ગુજરાતી | ૨૦(૩)(૨) |
| ૬ | હિન્દી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | હિન્દી | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | હિન્દી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | હિન્દી | ૨૦(૬)(૨) |
| ૭ | અંગ્રેજી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | અંગ્રેજી | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | અંગ્રેજી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | અંગ્રેજી | ૨૦(૩)(૨) |
| ૮ | અર્થશાસ્ત્ર | બી.એ. / બી.કોમ / બી.આર.એસ. | અર્થશાસ્ત્ર અને તેની તમામ શાખાઓ | એમ.એ. / એમ.કોમ / એમ.આર.એસ. | અર્થશાસ્ત્ર અને તેની તમામ શાખાઓ | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | અર્થશાસ્ત્ર | ૨૦(૩)(૨) |

Scanned with OKEN Scanner

વિભાગના તા,૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | સંસ્કૃત | બી.એ. અથવા શાસ્ત્રી (બી.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | એમ.એ. અથવા આચાર્ય (એમ.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | અથવા RCI (Rehabilitation Council of | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | સંસ્કૃત | ૨૦(૩)(૨) |
| ૧૦ | આંકડાશાસ્ત્ર | બી.કોમ./ બી.એ./ બી.એસ.સી. | આંકડાશાસ્ત્ર / ગણિત | એમ.કોમ./ એમ.એ./ એમ.એસ.સી. | આંકડાશાસ્ત્ર | India)માન્યP.G.Diploma in Special Education (Mental | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | આંકડાશાસ્ત્ર | ૨૦(૩)(૨) |
| ૧૧ | તત્વજ્ઞાન | બી.એ. | તત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્ર | એમ.એ. | તત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્ર | Retardation)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | તત્વજ્ઞાન | ૨૦(૩)(૨) |
| ૧૨ | સમાજશાસ્ત્ર | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | સમાજશાસ્ત્ર | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | સમાજશાસ્ત્ર | માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | સમાજશાસ્ત્ર | ૨૦(૩)(૨) |
| ૧૩ | મનોવિજ્ઞાન | બી.એ. | મનોવિજ્ઞાન | એમ.એ. | મનોવિજ્ઞાન | અથવા | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | મનોવિજ્ઞાન | ૨૦(૩)(૨) |
| ૧૪ | ભૂગોળ | બી.એ. / બી.એસ.સી. | ભૂગોળ | એમ.એ. / એમ.એસ.સી. | ભૂગોળ | RCI (Rehabilitation Council of India) માન્યP.G.Diploma in Education (Multiple Disability: | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ભૂગોળ | ૨૦(૩)(૨) |
| ૧૫ | ઈતિહાસ | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | ઈતિહાસ | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | ઈતિહાસ | Physical & Neurological)(ફક્ત | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ઈતિહાસ | ૨૦(૩)(૨) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | રાજ્યશાસ્ત્ર | બી.એ. | રાજ્યશાસ્ત્ર | એમ.એ. | રાજ્યશાસ્ત્ર | માનસિક દિવ્યાંગબાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>RCI (Rehabilitation Council of India)માન્ય P.G. Diploma in Special Education (locomotors Impairment and Cerebral Palsy)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | રાજ્યશાસ્ત્ર | ૨૦(૩)(૨) |
| ૧૭ | નામાના મૂળતત્વો | | | | | | | | |
| ૧૮ | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન | | | | | | | | |
| ૧૯ | સેક્રેટરીયલ પ્રેક્ટિસ અને વાણિજય પત્રવ્યવહાર (એસ.પી.સી.સી.) | બી.કોમ. | વાણિજ્ય શાખાનો કોઈપણ વિષય | એમ.કોમ. | વાણિજ્ય શાખાનો કોઈપણ વિષય | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | કોમર્સ | ૨૦(૩)(૨) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | કમ્પ્યુટર અધ્યયન | BCA અથવા B.Sc.(IT) અથવા B.E./B.Tech(Computer / Computer Science) અથવા B.E./B.Tech.(IT) અથવા B.Sc. (Computer / Computer Science) | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | કોલમ-(૩) માં દર્શાવેલ સ્નાતક કક્ષાની પદવીમાં જ અનુસ્નાતકની પદવી | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India)માન્ય Secondary level Teacher Training Course in Visual Impairment(ફક્ત દ્રષ્ટિહીન બાળકોની શાળાઓ માટે) (માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India) માન્ય બી.એડ.(સામાન્ય) Senior Diploma in Teaching | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | કમ્પ્યુટર | ૨૦(૫)(૨) |
| ૨૧ | મરાઠી | બી.એ. | મરાઠી | એમ.એ. | મરાઠી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | મરાઠી | ૨૦(૬)(૨) |
| ૨૨ | ઉર્દૂ | બી.એ. | ઉર્દૂ | એમ.એ. | ઉર્દૂ | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ઉર્દૂ | ૨૦(૬)(૨) |
| ૨૩ | સિંધી | બી.એ. | સિંધી | એમ.એ. | સિંધી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | સિંધી | ૨૦(૬)(૨) |
| ૨૪ | તમિલ | બી.એ. | તમિલ | એમ.એ. | તમિલ | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | તમિલ | ૨૦(૬)(૨) |
| ૨૫ | ફારસી | બી.એ. | ફારસી | એમ.એ. | ફારસી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ફારસી | ૨૦(૬)(૨) |
| ૨૬ | અરબી | બી.એ. | અરબી | એમ.એ. | અરબી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | અરબી | ૨૦(૬)(૨) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૭ | પ્રાકૃત | બી.એ. | પ્રાકૃત | એમ.એ. | પ્રાકૃત | the Deaf(ફક્ત મૂક બધિર બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતા | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | પ્રાકૃત | ૨૦(૬)(૨) |
| ૨૮ | પ્રયોગશાળા મદદનીશ | બી.એસ.સી. | રસાયણશાસ્ત્ર અથવા ભૌતિકશાસ્ત્ર અથવા જીવશાસ્ત્ર પૈકી કોઈ પણ વિષયની વિદ્યાશાખામાં સ્નાતક | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષય | ૨૦(૩)(૨) |
| ૨૯ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | (૧) વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના સ્નાતક અથવા (૧)શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી [ત્રણ (૦૩) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | શારીરિક શિક્ષણ | (૧) વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના અનુસ્નાતક અથવા (૧)શારીરિક શિક્ષણમાં સ્નાતકની તેમજ શારીરિક શિક્ષણમાં અનુસ્નાતકની પદવી [પાંચ (૦૫) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | શારીરિક શિક્ષણ | ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતાક્ષેત્રનું સ્પેશિયલ B.Ed. નો ઇન્ટીગ્રેટેડ કોર્સ(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક(M.P.ED) અથવા શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.ED) | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | ૨૦(૯)(૨) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અથવા | | | | | | | | | |
| ૨૯ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | (૧) વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના સ્નાતક —<br>અથવા -----<br>(૧)શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી [ત્રણ (૦૩) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | કોલમ - ૩ માં દર્શાવેલ સ્નાતકની લાયકાતમાંની વિદ્યાશાખાનો કોઈ પણ એક વિષય | (૧) વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના અનુસ્નાતક<br>અથવા<br>(૧)શારીરિક શિક્ષણમાં સ્નાતકની તેમજ શારીરિક શિક્ષણમાં અનુસ્નાતકની પદવી [પાંચ (૦૫) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | કોલમ - ૫ માં દર્શાવેલ અનુસ્નાતકની લાયકાતમાંની વિદ્યાશાખાનો કોઈ પણ એક વિષય | બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો એક વર્ષનો વિશિષ્ટ શિક્ષણનો ડિપ્લોમાં(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો બે વર્ષનો ડીપ્લોમાં(વિશિષ્ટ શિક્ષણ)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો Post Graduate Professional Diploma in Special Education (PGPD)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્યP.G.Diploma in Special Education (Mental Retardation)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્યP.G.Diploma In Education | વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.P.ED) | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | ૨૦(૮)(૩) |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | (Multiple Disability: Physical & Neurological)(ફક્ત માનસિક દિવ્યાંગબાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય P.G. Diploma in Special Education (locomotors Impairment and Cerebral Palsy)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય Secondary level Teacher Training Course in Visual Impairment(ફક્ત દ્રષ્ટિહીન બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય બી.એડ.(સામાન્ય) Senior Diploma In Teaching the Deaf(ફક્ત મૂક બધિર બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતાક્ષેત્રનું સ્પેશિયલ B.Ed. નો ઇન્ટીગ્રેટેડ કોર્સ(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | | | |

* ઉચ્ચતર માધ્યમિક શાળામાં / ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટે વિનિયમ-૨૦(૩)(૨), ૨૦(૫)(૨), ૨૦(૬)(૨), અને ૨૦(૮)(૨) માં નિયત કરેલ લઘુત્તમ લાયકાત જરૂરી છે. પરંતુ અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે ફરજીયાત નથી પરંતુ જો કોઇ અરજદારે નિયત કરેલ જે તે વિષય માટેની લઘુત્તમ લાયકાત ઉપરાંત ઉપરના પરિશિષ્ટમાં દર્શાવેલ અનુસ્નાતક કક્ષાની વ્યવસાયિક લાયકાત ધરાવતા હોય અને જો ઉચ્ચતર માધ્યમિક વિભાગની શિક્ષક / શિક્ષણ સહાયક ભરતી માટે ગુણાંકન નિયમોનુસાર મળવાપાત્ર હશે તો જ તે વધારાની અનુસ્નાતક લાયકાતના ગુણાંકન મળવાપાત્ર થશે.

* ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT- HIGHER SECONDARY) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઈ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે.

* ઉમેદવારે ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમ પૈકી કોઇ એક માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT- HIGHER SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ એટલે કે જે માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક(TAT- HIGHER SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે જ માધ્યમની શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે. પરંતુ

(૧) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના શિક્ષક સિવાયની અન્ય ભાષાઓના શિક્ષક માટે TAT HIGHER SECONDARY ગુજરાતી / હિન્દી / અંગ્રેજી પૈકી કોઈ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે.

(૨) ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમ સિવાયના અન્ય માધ્યમની શાળાઓ માટે ભાષા સિવાયના વિષયો માટે TAT HIGHER SECONDARY ગુજરાતી / હિન્દી / અંગ્રેજી પૈકી કોઇ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે.

* દ્રષ્ટિહીન દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે ઉક્ત જણાવેલ તમામ જરૂરી લાયકાતો ઉપરાંત બ્રેઇલલીપી ટેસ્ટ ફરજીયાત ક્વોલિફાય કરવાનો રહેશે. આ ટેસ્ટ ક્વોલિફાય કરનાર ઉમેદવાર જ દ્રષ્ટિહીન દિવ્યાંગ બાળકો માટેની શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે.

* મૂક બધીર દિવ્યાંગ બાળકોની શાળા માટે ઉક્ત જણાવેલ તમામ જરૂરી લાયકાતો ઉપરાંત ISL (ઇન્ડિયન સાઈન લેગ્વેજ) ટેસ્ટ ફરજીયાત ક્વોલિફાય કરવાનો રહેશે. આ ટેસ્ટ ક્વોલિફાય કરનાર ઉમેદવાર જ મૂક બધીર દિવ્યાંગ બાળકો માટેની શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે.

Scanned with OKEN Scanner

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/1662/CHH
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

1. શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.
2. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૧૧/૦૫/૨૦૨૩નો પત્ર ક્રમાંક: મઉમશબ/ સંશોધન/ ૨૦૨૩/૧૬૨૨-૨૬.

આમુખ:-

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત, વિષયો તેમજ માધ્યમ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૧૧/૦૫/૨૦૨૩ના પત્રથી વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી નિયત થયેલ વ્યવસાયિક લાયકાતના સ્નાતક (B.A/B.sc/B.com/B.R.S) અનુસ્નાતક (M.A/M.sc/M.com/M.R.S) સાથે ઇન્ટીગ્રેટેડ B.Ed ની લાયકાત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક:20(ખ)(1) અને વિનિયમ ક્રમાંક:20(ખ)(2)માં ઉમેરવા બાબતે દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: 20(ખ)(1) અને વિનિયમ ક્રમાંક:20(ખ)(2)માં નીચે મુજબનો સુધારો કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઈ | નવી જોગવાઈ |
|---|---|---|
| 20(ખ)(1) | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક:20(3)(1), 20(4), 20(5)(1), 20(6)(1), 20(7) અને 20(8)(1)માં થયેલ જોગવાઈ મુજબ માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો, TAT અને જે તે વિષય માટે લાગુ પડતા વિનિયમની વિગતો પરિશિષ્ટ-3માં દર્શાવ્યા મુજબની રહેશે. | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક:20(3)(1), 20(4), 20(5)(1), 20(6)(1), 20(7) અને 20(8)(1)માં થયેલ જોગવાઈ મુજબ માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો, TAT અને જે તે વિષય માટે લાગુ પડતા વિનિયમની વિગતો પરિશિષ્ટ-3માં દર્શાવ્યા મુજબની રહેશે તેમજ (B.A/B.sc/B.com/B.R.S) સ્નાતક સાથે ઇન્ટીગ્રેટેડ B.Ed ની લાયકાત માન્ય ગણાશે. |
| 20(ખ)(2) | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક:20(3)(2), 20(5)(2), 20(6)(2) અને 20(8)(2)માં થયેલ જોગવાઈ મુજબ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોની શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો, TAT અને જે તે વિષય માટે લાગુ પડતા વિનિયમની વિગતો પરિશિષ્ટ-4માં દર્શાવ્યા મુજબની રહેશે. | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક:20(3)(2), 20(5)(2), 20(6)(2) અને 20(8)(2)માં થયેલ જોગવાઈ મુજબ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોની શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો, TAT અને જે તે વિષય માટે લાગુ પડતા વિનિયમની વિગતો પરિશિષ્ટ-4માં દર્શાવ્યા મુજબની રહેશે તેમજ (M.A/M.sc/M.com/M.R.S) સાથે ઇન્ટીગ્રેટેડ B.Ed ની લાયકાત માન્ય ગણાશે. |

વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવના પરિશિષ્ટ-૩ અને પરિશિષ્ટ-૪માં નીચે મુજબની નોંધ ઉમેરવામાં આવે છે.

Signature Not Verified
Signed by: J T Bandhaniya
Under Secretary
Date: 2023.05.17
51:27 +05:30

પરિશિષ્ટ-3

- ઉમેદવાર માધ્યમિક શાળામાં/માધ્યમિક વિભાગમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણુંક માટે B.A/B.sc/B.com/B.R.S સાથેનો ઈન્ટિગ્રેટેડ B.Ed ની વ્યવસાયિક લાયકાત ધરાવતા હોવા જોઈશે.

પરિશિષ્ટ-4

- ઉમેદવાર ઉચ્ચતર માધ્યમિક શાળામાં/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણુંક માટે M.A/M.sc/M.com/M.R.S સાથેનો ઈન્ટિગ્રેટેડ B.Ed ની વ્યવસાયિક લાયકાત ધરાવતા હોવા જોઈશે.

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના સામેના ઠરાવની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૬/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સિલેક્ટ ફાઈલ.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૫/૨૦૨૩..

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૨૯/૧૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક: મઉમશબ/ સંશોધન/ ૨૦૨૨/ ૧૨૫૭૩-૭૫.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૧૭/૦૫/૨૦૨૩નો પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૩/૧૭૦૫-૦૬.

આમુખ:-

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત, વિષયો તેમજ માધ્યમ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૨૯/૧૧/૨૦૨૨ના પત્રથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની લાયકાતમાં બી.એડની લાયકાત ધરાવતા એન્જીનિયરીંગ સ્નાતકનો સમાવેશ કરવા બાબતની વિવિધ અરજદારોની રજૂઆત મોકલી આપેલ હતી. આ બાબતની તા.૧૭/૦૫/૨૦૨૩ના રોજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની લાયકાતો અને અન્ય બાબતો માટે ઉચ્ચ કક્ષાની તજજ્ઞ સમિતિ સમક્ષ વિચારણા કરવામાં આવેલ હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૧૭/૦૫/૨૦૨૩ના પત્રથી તજજ્ઞ સમિતિ દ્વારા કરવામાં આવેલ વિચારણા અન્વયે કાર્યવાહી નોંધ મોકલી આપેલ હતી. જેનાં અનુસંધાને તજજ્ઞ સમિતિના અભિપ્રાય મુજબ માધ્યમિક વિભાગમાં શિક્ષકની લાયકાતમાં જરૂરી સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવના માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેના પરિશિષ્ટ-૩ના ક્રમાક [illegible]માં આ સાથે સામેલ પત્રક મુજબ સુધારો કરવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

eSign
NDHANIYA
Education
OF GUJARAT
3 (04:17 PM)

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના સામેના ઠરાવની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૯/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

eSign Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 19-May-2023 (04:17 PM)

(જે.ટી.બાંધણીયા)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH સાથેનું પત્રક

પરિશિષ્ટ-3

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો) | | સ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત અને વિષયો | | અનુસ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત | TAT કસોટીનો વિષય | વિનિયમ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક લાયકાત | વિષય | શૈક્ષણિક લાયકાત | વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસદ કરેલ પદ્ધતિ-૧નો વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસદ કરેલ પદ્ધતિ-૨નો વિષય | | | |
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૧ | ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી | બી.એસ.સી. | ગણિતશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્ર અથવા રસાયણશાસ્ત્ર અથવા ભૌતિકશાસ્ત્ર અથવા જીવશાસ્ત્ર પૈકી સંલગ્ન કોઈ પણ વિષયની વિદ્યાશાખામાં સ્નાતક | એમ.એસ.સી | કોલમ-૪મા સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી જે વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી | | એમ.એડ./શિક્ષા પારગત | ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી | ૨૦ (૩) (૧) |
| | | બી.ઈ./ | - | એમ.ઈ./ | " | | | | | |
| | | બી.ટેક | - | એમ.ટેક | - | | | | | |
| | | બી.ફાર્મ | - | એમ.ફાર્મ | - | | | | | |

eSign Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 19-May-2023 (04:17 PM)

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH-PF1
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૦૫/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૧૯/૦૫/૨૦૨૩નો પત્ર ક્રમાંક: મઉમશબ/ સંશોધન/ ૨૦૨૩/૧૭૬૭-૬૮.

આમુખ:-

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત, વિષયો તેમજ માધ્યમ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૧૭/૦૫/૨૦૨૩ના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: 20(ખ)(1) અને વિનિયમ ક્રમાંક:20(ખ)(2)માં સુધારો કરવામાં આવેલ તથા પરિશિષ્ટ-3 અને પરિશિષ્ટ-૪માં નવી જોગવાઈ ઉમેરવામાં આવેલ હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તા.૧૯/૦૫/૨૦૨૩ના પત્રથી વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૭/૦૫/૨૦૨૨૩ ઠરાવમાં સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, વિભાગના તા.૧૭/૦૫/૨૦૨૩ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિરામ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: 20(ખ)(1) અને પરિશિષ્ટ-3 માં નીચે મુજબનો સુધારો કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|---|
| 20(ખ)(1) | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક:20(3)(1), 20(4), 20(5)(1), | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક:20(3)(1), 20(4), 20(5)(1), 20(6)(1), |

eSign
Signed by: T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-05-2023 (03:39 PM)

| | | |
|---|---|---|
| • | 20(6)(1), 20(7) અને 20(8)(1)માં થયેલ જોગવાઈ મુજબ માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો, TAT અને જે તે વિષય માટે લાગુ પડતા વિનિયમની વિગતો પરિશિષ્ટ-3માં દર્શાવ્યા મુજબની રહેશે તેમજ (B.A/B.sc/ B.com/B.R.S) સ્નાતક સાથે ઇન્ટીગ્રેટેડ B.Ed ની લાયકાત માન્ય ગણાશે. | 20(7) અને 20(8)(1)માં થયેલ જોગવાઈ મુજબ માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો, TAT અને જે તે વિષય માટે લાગુ પડતા વિનિયમની વિગતો પરિશિષ્ટ-3માં દર્શાવ્યા મુજબની રહેશે તેમજ (B.A/B.sc/B.R.S) સ્નાતક સાથે ઇન્ટીગ્રેટેડ B.Ed ની લાયકાત માન્ય ગણાશે. |

પરિશિષ્ટ-3

- ઉમેદવાર માધ્યમિક શાળામાં/માધ્યમિક વિભાગમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણુંક માટે B.A/B.sc/ B.R.S સાથેનો ઇન્ટિગ્રેટેડ B.Ed ની વ્યવસાયિક લાયકાત ધરાવતા હોવા જોઈશે.

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૭/૦૫/૨૦૨૩ના સામેના ઠરાવની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૨/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-May-2023 (03:39 PM)

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ...ર
માધ્યમિક શિક્ષણ વિનિય...-
૧૯૭૪માં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૨૩/૭૨૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૬/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઈલ પર મળેલ મંજુરી.

**આમુખ:-**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૬(૩) અને વિનિયમ ક્રમાંક-૮(ખ)(૩)માં સુધારો કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૧) માં દર્શાવેલ સિંગલ ફાઈલ રજૂ કરેલ હતી. તે પરત્વે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૬(૩) અને વિનિયમ ક્રમાંક-૮(ખ)(૩)માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૬(૩) અને વિનિયમ ક્રમાંક-૮(ખ)(૩)માં હાલની જોગવાઈને બદલે આ સાથે સામેલ પત્રકના કોલમ-૪ મુજબ સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની સિંગલ ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૦૫/૦૬/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના:-**

- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(નિયામકશ્રી શાળાઓની કચેરી મારફતે)

- સેકશન અધિકારીશ્રી, ગ/ગ. ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- સિલેકટ ફાઈલ.

# પત્રક

## શિક્ષણ વિભાગના તા. ૦૮/૦૬/૨૦૩૨ના ઠરાવ ક્માંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ સાથેનું પત્રક

| ક્મ | વિનિયમ ક્માંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | ૬(૩) | બોર્ડની અભ્યાસ સમિતિ, હોય તો તે સિવાયની તમામ સમિતિઓના સભ્યોના, હોદ્દાની મુદત બે વર્ષની રહેશે અને અભ્યાસ સમિતિના સભ્યોના હોદ્દાની મુદત જે તારીખે સભ્યોની નિમણૂંક કરવામાં આવે તે તારીખથી ત્રણ વર્ષની રહેશે. | બોર્ડની હાલ કાર્યરત છે તેવી (૧)કારોબારી સમિતિ (૨)શૈક્ષણિક સમિતિ (૩)પરીક્ષા સમિતિ અને (૪)નાણાં સમિતિના સભ્યોની હાલની મુદત જે બે વર્ષની છે તથા (૫)અભ્યાસ સમિતિના સભ્યોની હાલની મુદત ત્રણ વર્ષની છે તેમાં ફેરફાર કરીને આ તમામ સમિતિના સભ્ય/સભ્યોની નિમણૂંક થયેલ હોય કે થવાની હોય તે તારીખથી ૧ વર્ષની રહેશે અને તે નિયમ ચાલુ વર્ષથી જ લાગુ પડશે. |
| ૨ | ૮(ખ)(૩) | આવી સમિતિના હોદ્દાની મુદત વિનિયમ નંબર-૬(૩)માં ઠરાવ્યા પ્રમાણે ત્રણ વર્ષની રહેશે. | રદ કરવામાં આવે છે. |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ ૧૯૭૪માં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
**ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/2029/CHH,**
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/૦૬/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૨૫/૦૫/૨૦૨૩નો પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૧૪૬૩૧.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૦૨/૦૬/૨૦૨૩નો પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૧૪૭૭૫/૭૭.

**આમુખ:-**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૨૫/૦૫/૨૦૨૩ના પત્રથી બોર્ડની તા.૧૭/૦૫/૨૦૨૩ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૫૩૦/૨૦૨૩ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૧૯(૫)માં સુધારો કરવા અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૨૫/૦૫/૨૦૨૩ના પત્રથી બોર્ડની તા.૧૭/૦૫/૨૦૨૩ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:૫૩૧/ ૨૦૨૩ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૩)માં સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક- ૧૯(૫)અને વિનિયમ ક્રમાંક- ૯(૧૩)(૩)માં હાલની જોગવાઈને બદલે આ સાથે સામેલ પત્રકના કોલમ-૪ મુજબ સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ઈ-સરકાર પરની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૨૨/૦૬/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

eSign
Signed by: J T BANDHANIYA
Location: GANDHINAGAR, India
Organization Name:
GOVERNMENT OF GUJARAT
Date: 26-Jun-2023 (12:15 PM)

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના:-**

- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(નિયામકશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- સિલેક્ટ ફાઈલ.

eSign
Signed by: J T BANDHANIYA
Location: GANDHINAGAR, India
Organization Name:
GOVERNMENT OF GUJARAT
Date: 26-Jun-2023 (12:15 PM)

## પત્રક

### શિક્ષણ વિભાગના તા. /૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/2029/CHH સાથેનું પત્રક

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | ૧૯(૫) | (૧)૦૮ (આઠ) અથવા ૦૮(આઠ) કરતા ઓછાં વર્ગોવાળી શાળામાં સુપરવાઇઝરની જરૂર નથી.<br>(૨)૦૯(નવ) થી ૧૬ (સોળ) વર્ગ સુધી એક સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે.<br>(૩)૧૭ (સત્તર) અથવા તેથી વધુ વર્ગો માટે બીજા સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે. કોઇપણ સંજોગોમાં શાળામાં બે થી વધુ સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે નહી | (૧) માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગોની કુલ સંખ્યા ૦૮(આઠ) અથવા ૦૮(આઠ) કરતા ઓછાં વર્ગોવાળી શાળામાં સુપરવાઇઝરની જરૂર નથી.<br>(૨) માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગોની કુલ સંખ્યા ૦૯(નવ) થી ૧૬(સોળ) વર્ગ સુધી એક સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે.<br>(૩) માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગોની કુલ સંખ્યા ૧૭ (સત્તર) અથવા તેથી વધુ હોય તો બીજા સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે. જે માધ્યમિક શાળા સાથે ઉચ્ચતર માધ્યમિક વિભાગ કાર્યરત હોય અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વર્ગોની સંખ્યા ૦૬(છ) કે ૦૬(છ) થી વધુ હોય તો તેવા સંજોગોમાં એક સુપરવાઇઝરની નિમણૂંક ઉચ્ચતર માધ્યમિક વિભાગ માંથી કરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં શાળામાં બે થી વધુ સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે નહી. |
| ૨ | ૯(૧૩)(૩) | વર્ગરૂમમાં જેટલા વિદ્યાર્થીઓ માટે જગાની સગવડ હોય તેટલા વિદ્યાર્થીઓ પૂરતું પ્રવેશ આપવાનું મર્યાદિત રહેશે, પરંતુ વધુમાં વધુ વિદ્યાર્થી સંખ્યા ૬૦ રહેશે.<br>વધુમાં જે વર્ગમાં ૬૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ માટે પૂરતી | વર્ગરૂમમાં જેટલા વિદ્યાર્થીઓ માટે જગાની સગવડ હોય તેટલા વિદ્યાર્થીઓ પૂરતું પ્રવેશ આપવાનું મર્યાદિત રહેશે, પરંતુ વધુમાં વધુ વિદ્યાર્થી સંખ્યા ૬૦ રહેશે.<br>વધુમાં જે વર્ગમાં ૬૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ માટે પૂરતી જગા |

Signed by: J T BANDHANIYA
Location: GANDHINAGAR, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 2? Jun-2023 (12:15 PM)

| | | | |
|---|---|---|---|
| | | જગા અને સાધન સામગ્રી હોય તે વર્ગમાં સાઇઠ વિદ્યાર્થીઓ ઉપરાંત પાંચ કરતાં વધારે ના હોયા તેટલા વિદ્યાર્થીઓને સંબંધિત અધિકારી, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર પ્રવેશની મંજૂરી આપશે.<br>વધુમાં, સચિવ ખાસ સંજોગોમાં અને જરૂરી લાગે તો આ ખંડમાં નિયત કરવામાં આવેલી મર્યાદા ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા છુટ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજુરીથી નોંધાયેલી શાળાને આપી શકશે. | અને સાધન સામગ્રી હોય તે વર્ગમાં સાઇઠ વિદ્યાર્થીઓ ઉપરાંત પાંચ કરતાં વધારે ના હોયા તેટલા વિદ્યાર્થીઓને સંબંધિત અધિકારી, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર પ્રવેશની મંજૂરી આપશે.<br>વધુમાં, સચિવ ખાસ સંજોગોમાં અને જરૂરી લાગે તો આ ખંડમાં નિયત કરવામાં આવેલી મર્યાદા ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા છુટ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજુરીથી નોંધાયેલી શાળાને આપી શકશે.<br>• ધોરણ-૧૦ની બાબતમાં બોર્ડ દ્વારા લેવામાં આવેલ આખરી પરીક્ષામાં નાપાસ થયા બાદ, નોંધાયેલ શાળામાં વર્ગદીઠ ૧૦(દસ) થી વધુ નહી એટલા વિદ્યાર્થીઓને જે વર્ષમાં નાપાસ થયા હોય તે તરત પછીના એક શૈક્ષણિક વર્ષ પુરતી જિલ્લા શિક્ષણાધિકારીની પૂર્વ પરવાનગીથી જે શાળામાંથી નિયમિત વિદ્યાથી તરીકે પરીક્ષા આપી હશે તે શાળામાં પુન: પ્રવેશ આપી શકાશે અન્ય શાળામાં પુન:પ્રવેશ મેળવી શકાશે નહી.<br>• આ રીતે પુન: પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓને ગ્રાન્ટ તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે વિદ્યાર્થી સંખ્યાની ગણતરીમાં લેવાના રહેશે નહી.<br>• આ રીતે પુન: પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓના ધોરણ-૧૦ ની જાહેર પરીક્ષાના આવેદનપત્રો રીપીટર વિદ્યાર્થી તરીકે ભરવાના રહેશે. |

eSign Signed by: J T BANDHANIYA
Location: GANDHINAGAR, India
Organization Name:
GOVERNMENT OF GUJARAT
Date: 26-Jun-2023 (12:15 PM)

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/2440/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૭/૨૦૨૩

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH.

(3) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૧૩/૦૭/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: મઉમશબ/ સંશોધન/ ૨૦૨૩/ ૨૬૩૦-૩૩.

**આમુખ:-**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત, વિષયો તેમજ માધ્યમ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં જોગવાઇ નિયત કરવામાં આવેલ છે શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા: ૧૭/૦૫/૨૦૨૩ ના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ ૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક: ૨૦(ખ) (૧) અને વિનિયમ ક્રમાંક: ૨૦(ખ) (૨) માં સુધારો કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (3) સામેના તા.૧૩/૦૭/૨૦૨૩ ના પત્રથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની લાયકાતમાં વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા: ૧૭/૦૫/૨૦૨૩ ના ઠરાવથી વિનિયમ ક્રમાંક: ૨૦(ખ) (૨) માં નિયત થયેલ લાયકાતમાં અનુસ્નાતક + ઇન્ટીગ્રેટેડ એમ.એડ મુજબનો સુધારો કરવા તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા: ૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવના પરિશિષ્ટ (૪) ના ક્રમ નં.૧૭,૧૮,૧૯, ૨૧ માં સુધારો કરવા ઉચ્ચ કક્ષાની તજજ્ઞ સમિતિ દ્વારા કરવામાં આવેલ વિચારણા અન્વયે મોકલી આપવામાં આવેલ કાર્યવાહી નોંધના અનુસંધાને તજજ્ઞ સમિતિના અભિપ્રાય મુજબ માધ્યમિક વિભાગમાં શિક્ષકની લાયકાતમાં જરૂરી સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા: ૧૭/૦૫/૨૦૨૩ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ ૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક ૨૦(ખ) (૨) માં તેમજ વંચાણે

eSign Signed by J T B[illegible]ANIYA
Organization Unit [illegible]
Department [illegible]
Organization Name GOVERNMENT OF GUJARAT
Date [illegible]

લીધા ક્રમાંક (૧) સામેના વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવના પરિશિષ્ટ-૪ ના ક્રમાંક : ૧૭,૧૮,૧૯, ૨૧ માં આ સાથે સામેલ પત્રક મુજબ સુધારો કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૨૦(ખ)(૨) | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના "વિનિયમ ક્રમાંક:૨૦(૩)(૨), ૨૦(૫)(૨), ૨૦(૬)(૨) અને ૨૦(૮)(૨)માં થયેલ - જોગવાઇ મુજબ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોની શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો, TAT અને જે તે વિષય માટે લાગુ પડતા વિનિયમની વિગતો પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબની રહેશે તેમજ (M.A M.sc M.com/M.R.S) સાથે ઇન્ટીગ્રેટેડ B.Ed ની લાયકાત માન્ય ગણાશે. | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૩)(૨), ૨૦(૫)(૨),૨૦(૬)(૨) અને ૨૦(૮)(૨) માં થયેલ જોગવાઇ મુજબ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોની શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો, TAT અને જે તે વિષય માટે લાગુ પડતા વિનિયમની વિગતો પરિશિષ્ટ-૪ માં દર્શાવ્યા મુજબની રહેશે તેમજ (M.A M.sc M.com/M.R.S) સાથે ઇન્ટીગ્રેટેડ B.Ed અને અનુસ્નાતક+ઇન્ટીગ્રેટેડ M.Edની લાયકાત માન્ય ગણાશે. |

વિભાગના તા: ૧૭/૦૫/૨૦૨૩ ના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના ઠરાવના પરિશિષ્ઠ ૪ ની નોંધમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|
| ઉમેદવાર ઉચ્ચતર માધ્યમિક શાળામાં /ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂક માટે M.A/M.SC/M.COM/M.R.S સાથેનો ઇન્ટીગ્રેટેડ B.ED ની વ્યવસાયિક લાયકાત ધરાવતા હોવા જોઇએ. | ઉમેદવાર ઉચ્ચતર માધ્યમિક શાળામાં /ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂક માટે M.A/M.SC/M.COM/M.R.S સાથેનો ઇન્ટીગ્રેટેડ B.ED અને અનુસ્નાતક + ઇન્ટીગ્રેટેડ એમ.એડ ની વ્યવસાયિક લાયકાત ધરાવતા હોવા જોઇએ. |

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ અને તા: ૧૭/૦૫/૨૦૨૩ ના ઠરાવોની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઇ-સરકાર ઉપરની ફાઇલ પર સરકારશ્રીની તા.: ૧૪/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Jul-2023 (11:48 AM)

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેકશન અધિકારીશ્રી , કમ્પ્યુટર સેલ , શિક્ષણ વિભાગ , સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-[illegible]-2023 (11:48 AM)

## વિભાગના તા.૧૫/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/2440/CHH સાથેનું પત્રક

### પરિશિષ્ટ-૪

| પરિશિષ્ટ-૪ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | સ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત અને વિષયો (બી.એડ/શિક્ષા વિશારદ/ડીબીએડ/ G.B.T.C./શિક્ષા શાસ્ત્રી) | | અનુસ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત [એમ.એડ/ શિક્ષા પારંગત (જો ધરાવતા હોય તો)] | TAT કસોટીની વિગત | વિનિયમ ક્રમાંક |
| | | શૈક્ષણિક લાયકાત | વિષય | શૈક્ષણિક લાયકાત | વિષય | વ્યસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ-૧ નો વિષય | વ્યસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ-૨ નો વિષય | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૭ | નામાના મૂળતત્વો | બી.કોમ/ બી.બી.એ. | વાણિજ્ય શાખાનો કોઇ પણ વિષય | એમ.કોમ./ એમ.બી.એ. | વાણિજ્ય શાખાનો કોઇ પણ વિષય | કોઇપણ વિષય | કોલમ-૭માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | કોમર્સ | ૨૦(૩)(૨) |
| ૧૮ | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન | | | | | | | | | |
| ૧૯ | સેક્રેટરીયલ પ્રેક્ટીસ અને વાણિજ્ય પત્ર વ્યવહાર (એસપીસીસી) | | | | | | | | | |

Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Jul-2023 (11:48 AM)

| | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | કમ્પ્યુટર અધ્યાપન | BCA અથવા B.Sc.(IT) અથવા B.E. / B.Tech (Computer/ Computer Science) અથવા B.E./ B.Tech (IT) અથવા B.Sc. (Computer/ Computer Science) | કોમ્પ્યુટર અથવા કોમ્પ્યુટર સાયન્સ | કોલમ-૪માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઇપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | | કોઇપણ વિષય | કોલમ-(૭)માં દર્શાવેલ પધ્ધતિ-૧ સિવાયનો „અન્ય કોઇ એક વિષય | એમ.એડ/ પારંગત શિક્ષા | કોમ્પ્યુટર | ૨૦(૫)(૨) |

eSign Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Jul-2023 (11:48 AM)

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિખવવામાં આવતા વિષયોના શિક્ષક /શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/2440/CHH

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:મશબ/ ૧૧૧૬/૧૨ /છ

(3) શિક્ષણ વિભાગનો તા.૧૫/૦૭/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e- file/3/2023/2440/CHH

(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૨૪/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક : મઉમશબ/ સંશોધન/ ૨૦૨૪/ ૨૧૦૨-૦૩.

આમુખ:-

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિખવવામાં આવતા વિષયોના શિક્ષક / શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત, વિષયો તેમજ માધ્યમ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા: ૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવથી કૃષિ-ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેના પરિશિષ્ટ-5, કૃષિ-ઉત્તર બુનિયાદી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેના પરિશિષ્ટ-6 માં સુધારો કરવાનું અને વિશિષ્ટ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટે પરિશિષ્ટ-7(અ) અને પરિશિષ્ટ-7(બ) ઉમેરવાનું ઠરાવવામાં આવેલ છે અને શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (3) સામેના.૧૫/૦૭/૨૦૨૩ ના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974 માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે તા.૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવના પરિશિષ્ટ-4 ના ક્રમાંક:17,18,19,21 માં સુધારો કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધેલ ક્રમાંક (૪) સામેના તા: ૨૪/૦૭/૨૦૨૪ પત્રથી ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા: ૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ સાથે જોડવામાં આવેલ પત્રક-છ માં દર્શાવેલ પરિશિષ્ટો અને ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા.૧૯/૧૦/૨૦૨૨ અને વંચાણે લીધેલ ક્રમાંક (3) સામેના તા: ૧૫/૦૭/૨૦૨૩ ઠરાવોના પરિશિષ્ટોમાં "લાયકાતના વિષયો" અને પરિશિષ્ટમાં "શૈક્ષણિક લાયકાત [illegible] વિ[illegible] માં

Signature Not Verified
Signed by: Alkesh Chau[illegible]
U. Secretary
Date: 2024.08.21 16:32 [illegible]

File No: ED/MIS/e-file/3/2023/2440/CHH
Approved By: Deputy Secretary,CHH,ED
[illegible] document [illegible] DC to verify [illegible]

સુધારો કરવા દરખાસ્ત …રેલ હતી. આ બાબત સરકારશ્રીની …ક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે, શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા: ૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ સાથે જોડવામાં આવેલ પત્રક-છ માં દર્શાવેલ પરિશિષ્ટો અને ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા.૧૯/૧૦/૨૦૨૨ અને વંચાણે લીધેલ ક્રમાંક (3) સામેના તા: ૧૫/૦૭/૨૦૨૩ ઠરાવોના પરિશિષ્ટોમાં જે જગ્યાએ "લાયકાતના વિષયો" દર્શાવેલ છે તે જગ્યાએ "લાયકાતનો મુખ્ય વિષય" દર્શાવવા માટે તેમજ પરિશિષ્ટમાં જે જગ્યાએ "સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય" દર્શાવેલ હોય તે જગ્યાએ "સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને મુખ્ય વિષય" દર્શાવવા માટે તેમજ "અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય" દર્શાવેલ હોય તે જગ્યાએ "અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને મુખ્ય વિષય" દર્શાવવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો- 1974 માં ઉપરોક્ત મુજબનો સુધારો કરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) થી (3) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ , તા.૧૯/૧૦/૨૦૨૨ અને તા: તા.૧૫/૦૭/૨૦૨૩ ના ઠરાવોની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.: ૧૩/૦૮/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ જી ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.

કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર, સેક્ટર -૧૯, ગાંધીનગર.

અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)

સેક્શન અધિકારીશ્રી , કમ્પ્યુટર સેલ , શિક્ષણ વિભાગ , સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ)

ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.

સિલેક્ટ ફાઈલ.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ -૧૨ (ક) મા સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2022/2589/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા: 04 MAR 2025

વંચાણે લીધા:

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા: ૦૩/૦૮/૨૦૨૨ નો પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૬૩૦૮

આમુખ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૦૩/૦૮/૨૦૨૨ ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૧૨(ક) માં નવી જોગવાઈ ઉમેરી સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૧૨ (ક) માં વિનિયમ ૧૨(ક) (૮) (૧) અને ૧૨(ક) (૮) (૨)ની જોગવાઇઓ ઉમેરી વિનિયમ ૧૨(ક) માં આ સાથેના પત્રક મુજબની નવી જોગવાઈને ઉમેરી સુધારો કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૮/૦૨/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(એ.જી.ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

શિક્ષણ વિભાગના તા. 04 MAR 2025 ના ઠરાવ ક્રમાંક ED/MSM/e-file/3/2022/2589/CHHસાથેનું પત્રક

| ક્રમ | વિનિમય ક્રમાંક | હાલની જોગવાઈ | નવી જોગવાઈ |
|---|---|---|---|
| ૧. | ૧૨(ક)(૮)(૧) | હાલ જોગવાઈ નથી. | શૈક્ષણિક દસ્તાવેજોમાં પિતાના નામને બદલે માતાનું નામ લખવું હોય તેવા કિસ્સામાં સિવિલ કોર્ટનો હુકમ, રાજપત્રમાં માતાનું નામ દાખલ થયાનો આધાર અને અનુષાંગિક પુરાવાઓ જેવા કે: માતાનું આધારકાર્ડ, કાયમી ખાતા નંબર (PAN) કાર્ડ, જાતિ (caste) પ્રમાણપત્ર, બેંક પાસબુક વગેરે રજૂ કર્યેથી જિલ્લા શિક્ષણાધિકારી આવો સુધારો કરી શકશે. |
| ૨. | ૧૨(ક)(૮)(૨) | હાલ જોગવાઈ નથી. | શૈક્ષણિક દસ્તાવેજોમાં જ્યારે બાળકના નામ પાછળ પિતાનું નામ હોય સંજોગોવસાત્ પિતા બદલાય એવા કિસ્સામાં સિવિલ કોર્ટનો હુકમ, રાજપત્રમાં માતાનું નામ દાખલ થયાનો આધાર અને અનુષાંગિક પુરાવાઓ, છૂટાછેડા કે પતિનું અવસાનના કિસ્સાઓમાં છૂટાછેડા થયાનો આધાર, છૂટાછેડા હુકમનામુ (Divorce decree) ફારગતીલેખ અને જો અવસાન થયેલ હોય તો મૃત્યુ પ્રમાણપત્ર અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તો પુનઃલગ્નના પતિનું સંમતિ દર્શાવતું 'સોગંદનામું' રજૂ કર્યેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આવો સુધારો કરી શકશે. |

સ્પષ્ટતા:

૧. આનુષંગિક આધાર-પુરાવા નીચે મુજબ ગણવાના રહેશે.

- અધિકૃત અધિકારી દ્વારા અપાયેલ અસલ જન્મ પ્રમાણપત્ર (જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૨/૧૭ અન્વયે અને ગુજરાત જન્મ મરણ નોંધણી નિયમો-૨૦૧૮ ના નિયમ-૮ મુજબ)ની જન્મ મરણ રજીસ્ટરમાં નોંધાયેલા હોય.
- જન્મ રજીસ્ટરમાં જે તે સક્ષમ અધિકારી દ્વારા થયેલ નોંધની પ્રમાણિત નકલ.
- પિતાના બદલે માતાનું નામ ઉમેરવું હોય તેવા કિસ્સામાં પિતાની સંમતિ આપતું સોગંદનામું. (પુખ્ત વયનું બાળક/વિદ્યાર્થી ન હોય તેવા કિસ્સામાં) માતાનું નામ રાખવા માતાની સંમતિ દર્શાવતુ સોગંદનામું.
- સિવિલ કોર્ટના હુકમની પ્રમાણિત નકલો.

૨. પિતા બદલાય તેવા કિસ્સામાં.

- બાળક આંગળિયાત તરીકે માતા સાથે જતું હોય ત્યારે દત્તક વિધાન માટે સક્ષમ સિવિલ કોર્ટનો હુકમ અનિવાર્ય બને. કારણ કે જન્મ સમયે બાયોલોજીકલ પિતા હોય તેની સંમતિ સોગંદનામા દ્વારા મેળવવી જરૂરી બને. તેથી આ સંજોગોમાં સક્ષમ સિવિલ કોર્ટના નિર્ણયની જ પ્રમાણિત નકલ અનિવાર્ય ગણાય. કોઈ પણ મહિલાના અગાઉના પતિ મૃત્યુ પામ્યા હોય કે છૂટાછેડા થયા હોય અને પુન: લગ્ન કરે ત્યારે તેવી મહિલા અને તેના નવા પતિ સંયુક્ત રીતે દત્તક વિધાન (Deed of adoption)ની પ્રકિયા કરે ત્યારે અગાઉના પતિને સંતાનો છે કે કેમ? અને તેમના સલામતી અને હકોના સંદર્ભમાં તે મહિલા અને તેના પતિએ ધ્યાનમાં લેવાના હોય છે. ગુજરાત માધ્યમિક અને

Handdy

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની જોગવાઈમાં તેની કોઈ સ્પષ્ટતા કરવાની જરૂરીયાત રહેતી નથી. કારણ કે જે તે મહિલા, તેના પતિ કે દત્તકથી પ્રાપ્ત થયેલ બાળક કે અગાઉના બાળકોના હક અધિકાર જે તે કાયદા અન્વયે પ્રસ્થાપિત થયેલા હોય છે, તે અનુસાર સંબંધિત લોકોએ પાલન કરવાનું રહે.

- આ સંદર્ભમાં The Hindu Adoptions and Maintenance Act, 1956 ની કલમ-૯ ને ધ્યાનમાં રાખી દત્તક વિધાનની કાર્યવાહી થયેલી હોવી જોઈએ.